મધ્યાહન ભોજન યોજનાના સંચાલન માટે જુનાગઢ
મહાનગરપાલિકા ખાતે ઉભી કરેલ નાયબ મામલતદાર
વર્ગ-૩ ની ૧(એક) જગ્યા સને ૨૦૧૮-૧૯માં ચાલુ
રાખવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: મભય-૧૦૨૦૧૨-૮૬૮-આર
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૭/૦૨/૨૦૧૮

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૫/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાનો તા.૬/૧/૨૦૧૮ના પત્રક્રમાંક: મભય/મકમ/ક/૨૦૧૮/૪૭૩

**પ્રસ્તાવના:**

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક-(૧) સામેના ઠરાવથી સને ૨૦૧૬-૧૭ માં નવી બાબતથી જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમા મધ્યાહન ભોજન યોજનાના સંચાલન માટે નાયબ મામલતદાર વર્ગ-૩ની એક હંગામી જગ્યા ઉભી કરવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક-(૨) સામેના ઠરાવથી નાયબ મામલતદાર વર્ગ-૩ ની ઉકત એક જગ્યા સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાના સંદર્ભ ક્રમાંક-(૩) સામેના પત્રથી નાયબ મામલતદાર વર્ગ-૩ ની ઉક્ત ૧(એક) જગ્યા તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૨. કાળજીપૂર્વકની વિચારણાને જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના સંચાલન કરવા માટે ઉભી કરવામાં આવેલ નાયબ મામલતદાર વર્ગ-૩ની હંગામી ૧(એક) જગ્યા સને ૨૦૧૮-૧૯ એટલે કે તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ જગ્યાનો ખર્ચ સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રના માંગણી નં-૯-પ્લાન, મુખ્ય સદર-૨૨૩૬-પોષણ, પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ, ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના, એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેની મધ્યાહન ભોજન યોજના-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

(૨) નાણા વિભાગ દ્વારા છુટી કરવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) હંગામી જગ્યાઓ જે હેતુ માટે મંજુર થયેલ હોય તે જ હેતુ માટે જગ્યાનો ઉપયોગ કરવાનો રહેશે.

d:\tharav.docx

(૪) હંગામી જગ્યાની મુદત પુરી થવાના ર માસ અગાઉ જગ્યા ચાલુ રાખવાની જરૂરીયાત હોય તો પુરતા વાજબીપણા સાથે દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૫) ૧ વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગ્યા સ્થગિત કરવાની-Abeyanceમાં મુકવાની રહેશે અને ૩ વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે.

(૬) શિક્ષણ વિભાગના તા.૧૨/૦૫/૨૦૧૬ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી(શિક્ષણ)ની તા.૦૬/૦૨/ ૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી છાયા પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી(મહેસુલ)ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરીષદ, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- કલેક્ટરશ્રી જુનાગઢ, જિલ્લા સેવા સદન, જિ.જુનાગઢ
- કમિશનરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જિ.જુનાગઢ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જુનાગઢ.
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ)
- ના.સે.અ.સિલેક્ટ ફાઈલ
- સિલેક્ટ ફાઈલ.